# સ્ટેચ્યુ ઓફ યુનિટી – ગુણવંતી ગુજરાતનું ગૌરવ

સરદાર પટેલ કહીએ એટલે વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ કહેવાની જરૂર નથી. એમની પ્રતિભા તો ઊંચી છે જ, પણ હવે તેમની પ્રતિમા પણ દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા બનશે. દેશ અને દુનિયાએ નોધ લીધી છે કે, સરદાર સરોવર અને ડેમની સામે બનેલી સરદાર પટેલ સાહેબની પ્રતિમા તેમની ૧૪૩મી જન્મજયંતીના દિવસે ભારતના વડાપ્રધાન દ્વારા ખુલ્લી મુકાશે. આ દિવસથી સૌ ગુજરાતી છપ્પનની છાતી રાખીને દુનિયામાં કહી શકશે કે, દુનિયામાં સૌથી ઊંચી જો કોઈ પ્રતિમા હોય તો તે મારા ગુજરાતમાં છે ! દુનિયાભરના લોકો પૂછશે, જોવા માટે આવશે, ત્યારે તે લોકોને પ્રતિમા વિષે સૌ ગુજરાતી ગૌરવભેર કહી શકે તે ગુજરાત પ્રત્યેની નિષ્ઠા ગણાય. આવી નિષ્ઠા ગુજરાતની દરેક શાળા-કોલેજના દરેક વિદ્યાર્થી અને શિક્ષકમાં ખાંડી ખાંડીને ભરાવી જોઈએ. તો જાણીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે.

ભારતને મળેલ આઝાદી પૂર્વે અને પછીના સમયમાં સરદાર પટેલની ભૂમિકાને સાચા અર્થમાં ભાવાંજલિ કહી શકાય. આપણે સૌ નસીબવંતા ગુજરાતી છીએ કે, સરદાર સાહેબે જીવતાજીવ તો આપણને ગૌરવ અપાવ્યું, પણ આજે તેઓ આ દુનિયામાં નથી ત્યારે પણ દુનિયાભરમાં ગૌરવ અપાવી રહ્યા છે. અમેરિકામાં ન્યુયોર્કમાં સ્ટેચ્યુ ઓફ લીબર્ટી છે. જે અમેરિકાની સ્વતંત્રાના અનુસંધાને છે. તો ભારતમાં – ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એ એકતાના અનુસંધાનમાં છે. તેને બીજી રીતે જોઈએ તો સરદાર સાહેબે આઝાદી પછી ૫૬૨ જેટલા રજવાડાઓને ભારત સંઘ સાથે જોડી એકતા અને અખંડિતતાનો અહેસાસ કરાવ્યો. માટે જ તેમની પ્રતિમાનું નામ ' સ્ટેચ્યુ ઓફ યુનિટી' સર્વ રીતે યોગ્ય કહી શકાય.

આ પ્રોજેક્ટની જાહેરાત સાતમી ઓક્ટોબર ૨૦૧૦ના રોજ કરવામાં આવેલી અને ૩૧ ઓક્ટોબર ૨૦૧૩માં તેનો શિલાન્યાસ એલ.કે.અડવાણી અને તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ. નર્મદા ડેમથી ૩.૨ કિમી દૂર, સાધુ બેટ પર ૧૮૨ મીટર એટલે કે ૫૯૭ ફૂટ પ્રતિમા બનાવવાનું નક્કી કર્યું. જે પ્રોજેક્ટ માટે ૨૦,૦૦૦ ચો.મી. જેટલી જમીન ફાળવવામાં આવી, ઉપરાંત તેની આસપાસ ૧૨ ચોરસ કિમી કૃત્રિમ તળાવ બનાવવાનું પણ નક્કી કર્યું. આ પ્રોજેક્ટ માટે ભારતના ખેડૂતોને તેમના ખેતીના ઓજરોમાંથી તેમને જરૂરી ના હોય તેવા લોખંડના ટૂકડા દાનરૂપે આપવાની અપીલ કરવામાં આવેલી. જેના ભાગરૂપે ભારતના છ લાખ ગામડામાંથી સતત ત્રણ માસ સુધી ચાલેલી ઝુંબેશને કારણે ૫૦૦૦ મેટ્રિક ટન લોખંડ દાનરૂપે એકત્ર કરવામાં આવેલું. તે સમયે કહેવામાં આવેલું કે, આ લોખંડનો ઉપયોગ પ્રતિમા બનાવવામાં કરવામાં આવશે, પણ પાછળ જતાં તે પ્રતિમાના બાંધકામ માટે યોગ્ય ના લાગતાં તેનો ઉપયોગ પ્રોજેક્ટના અન્ય બાંધકામમાં કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટ માટે ભારત સરકારે ૩૦૦૧ કરોડ રૂપિયાનો અંદાજીત ખર્ચ મૂકેલો, પછી લાર્સન એન્ડ ટુબ્રોએ ૨૯૮૯ કરોડ રૂપિયામાં ડિઝાઈનીંગ, બાંધકામ અને મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ ટેન્ડર દ્વારા ઓક્ટોબર ૨૦૧૪માં મેળવેલો

અને સરદાર સાહેબની જન્મજયંતી ૩૧ ઓક્ટોબર ૨૦૧૪થી કામ પણ શરૂ કરેલ. અત્યારે નીચે પાયાથી/બેઠકથી ગણીએ તો કુલ ઊંચાઈ ૨૪૦ મીટર જેટલી થાય છે. કારણ કે, ૫૮ મીટરનો પાયો કે બેઠક અને તેની ઉપર ૧૮૨ મીટરની પ્રતિમા. તે સ્ટીલ ફ્રેમિંગ, રિઇનફોર્સ્ડ સિમેન્ટ કોંક્રિટ અને કાંસ્ય-બ્રોન્ઝ કોટિંગ સાથે બનાવવામાં આવ્યું છે. જેમાં ૭૫૦૦૦ઘન મીટર કોંક્રિટ, ૫૭૦૦ મેટ્રિક ટન સ્ટીલ સ્ટ્રક્ચર, ૧૮૫૦૦ ટન રેઇનફોર્સ્ડ સ્ટીલના સળિયા, ૨૨૫૦૦ ટન બ્રોન્ઝ શીટ્સનો ઉપયોગ થયેલો છે.

આ પ્રતિમામાં સરદાર સાહેબનો પહેરવેશ તેમજ તેમની ચાલવાની ઢબ કે ખભા પરનો ખેસ તેમના વ્યક્તિત્વની ખાસ યાદ અપાવે છે. પ્રતિમા ત્રણ સ્તરમાં વહેચાયેલ છે, પ્રવાસીઓ નદીના પટથી ૫૦૦ ફૂટની ઉંચાઈ સુધી ખૂબ જ ઝડપી લીફ્ટમાં જઈ શકશે. ત્યાં એક સાથે ૨૦૦ વ્યક્તિ આસપાસ આવેલ સાપુતારા અને વિંધ્યાચલની પર્વતમાળા જોઈ શકશે. તો ૨૧૨ કિમી લાંબુ સરદાર સરોવરનું સંગ્રહ કરેલ પાણી, ૧૨ કિમી સુધી ગરુડેશ્વરના પાણીનો સંગ્રહ પણ જોઈ શકશે. આટલી ઉંચાઈ પર પ્રવાસીઓને પવનના સૂસવાટાની અસર ના થાય તેની પણ કાળજી રાખી છે. સરદાર સાહેબ વિષે સાચો પરિચય પ્રવાસીને મળી રહે તે માટે સંગ્રહાલય પણ ખરું જ. ઉપરાંત ૨૩૦ હેકટરમાં નર્મદાના કિનારે બાગબગીચા, સહેલાણીઓ માટે ફૂડ સ્ટોલ, ગીફ્ટ શોપ, રીટેઈલ કિઓસ્ક વગેરે તો છે જ. ઉપરાંત ૩ થી ૫ કિમી જેટલી નૌકાવિહાર કરીને પ્રતિમા પાસે જવાનો લ્હાવો અનેરો આનંદ આપશે.. પ્રતિમાથી થોડા જ અંતરે ભારતના દરેક રાજ્યના અતિથિ ભવનો બંધાશે.

આ સ્મારક આમ તો ત્રિપલ પી મોડલ કહી શકાય. જેમાં ગુજરાત સરકારે ૨૦૧૨-૧૩ ના બજેટમાં ૧૦૦ કરોડ અને ૨.૦૧૪-૧૫ ના બજેટમાં ૫૦૦ કરોડ ફાળવ્યા હતા. તો ૨૦૧૪ માં જ કેન્દ્ર સરકારે ૨૦૦ કરોડ પ્રતિમા બનાવવા માટે ફાળવેલા.

અમેરિકાની સૌથી મોટી ટર્નર કન્સ્ટ્રકશન કું. (જેને દુબઈમાં બુજ ખલિફા -૮૨૯ મીટર ઊંચાઈનું બાંધકામ કરેલ) અને અમેરિકાના જ માઈકલ ગ્રેવ્સ આર્કિટેક એસોસિયેશન દ્વારા આ પ્રોજેક્ટનું સુપરવિઝન કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે ૧૫ માસ આયોજન કરવામાં, ૪૦ માસ બાંધકામ કરવામાં અને બે માસ સુપ્રત કરવામાં સમયગાળો લીધેલ છે. લાર્સન એન્ડ ટુબ્રો સાથે થયેલા કરાર મુજબ ૧૩૪૭ કરોડ રૂપિયા મુખ્ય પ્રતિમા બનાવવા માટે, ૨૩૫ કરોડ રૂપિયા પ્રદર્શન હોલ અને કન્વેશન હોલ માટે, ૮૩ કરોડ રૂપિયા પુલ બનાવવા માટે જે સ્મારક સાથે જોડશે, અને ૬૫૭ કરોડ રૂપિયા ૧૫ વર્ષ સુધી મેઈન્ટેનન્સ માટેનો પણ સમાવેશ થાય છે. આ સ્મારક – પ્રતિમાની ડીઝાઇન મહારાષ્ટ્રમાં ૧૯૨૫માં જન્મેલા રામ વી.સુતારે બનાવેલ, જેઓ આવા સ્ટેચ્યુ બાંધવા માટે ૪૦ વર્ષથી કાર્યરત છે. તેમની આવી કલા સેવા બદલ તેમને ૧૯૯૯માં પદ્મશ્રી અને ૨૦૧૬માં પદ્મભૂષણના ખિતાબ મળેલા છે.

ગુજરાતે ગૌરવ એટલા માટે લેવાનું છે કે, દુનિયાના અનેક શહેરોમાં આપણાથી ઊંચી બિલ્ડીંગ ઘણી છે. પરંતુ કોઈ પ્રતિમા સરદાર પટેલની પ્રતિમા જેટલી ઉંચી નથી. દુનિયાની ઊંચી પ્રતિમાની યાદી કરીએ તો , ત્રણ દેશમાં આવેલ બુદ્ધની પ્રતિમા ચીનમાં ૧૨૮ મીટર બાંધતા ૧૧ વર્ષ, મ્યાનમારમાં ૧૧૫.૮

મીટર બાંધતા ૧૨ વર્ષ  અને જાપાનમાં ૧૦૦ મીટર બાંધતા નવ વર્ષ થયેલા. દુનિયાભરમાં પ્રખ્યાત અમેરિકામાં આવેલ સ્ટેચ્યુ ઓફ લીબર્ટીની ઉંચાઈ માત્ર ૪૭ મીટર જ છે. દુનિયામાં સૌથી વધુ ઉંચી પ્રતિમાઓ ચીનમાં છે, ત્યારબાદ ભારતમાં છે. ભારતમાં જ હૈદરાબાદમાં બંધાતી સંત રામાનુજાની પ્રતિમા ૬૫.૮ મીટર અને મહારાષ્ટ્રમાં બંધાતી  ભારતરત્ન ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ૧૧૦ મીટર ઊંચી છે. જે હવે બંધાશે. આ બન્ને સ્મારકના નામ સમાન જ છે – સ્ટેચ્યુ ઓફ ઇક્વાલીટી. દુનિયાની જેટલી પ્રતિમાઓ છે તેની ઊંચાઈ તેના પાયા કે બેઠક સાથે ગણવામાં આવે છે. જો એ રીતે આપણે ગણવા જઈએ તો સરદાર પટેલની પ્રતિમાની ઉંચાઈ ૧૮૨ મીટર અને પાયો કે બેઠક ૫૮ મીટર. આમ કુલ ઊંચાઈ ૨૪૦ મીટર થાય. અને આ બાંધકામ પૂર્ણ થતા માત્ર ચાર જ વર્ષ લાગ્યા. છે ને મિત્રો ગૌરવ લેવા જેવી વાત. આ બાબતને ગૌરવ ત્યારે જ લઇ શકાય કે, આપણે ગુજરાતીઓ આ સ્મારક વિષે જાણતા  હોઈએ. પછી કોઈ પૂછે તો કહેતા નહિ કે મને ખબર નથી. એવું કહીને તમારી આબરૂ સાથે ગુજરાતની આબરૂ ગુમાવતા નહિ. અને હા, આ પ્રતિમા વિષે કહીએ ત્યારે સરદાર સાહેબ વિષે આમ તો ઘણું જાણીએ જ છીએ, પણ તેમાં થોડો વધુ ઉમેરો કરીને સાચા અર્થમાં ગુજરાતી બનીએ.